## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જોયું...? આ લોકો થાકી ગયા લાગે છે... સફાઈ અભિયાન માટે રામકથા કરીને... છેલ્લે અભિયાનને રામ-રામ ન કરી દે...!!

## અડાલજ-ચાંદખેડા રોડ પર બોલેરો પલ્ટી : છ ઘાયલ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક અડાલજ-ચાંદખેડા રોડ પર સ્થિત સ્વાગત સીટી મોલ પાસે આજે બપોરના અરસામાં એક બોલેરો જીપ પલ્ટી ખાઈ ગઈ હતી. જીપમાં સવાર છ વ્યક્તિઓને આ અકસ્માતમાં નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને થતા બે એમ્બ્યુલન્સ દોડાવી હોસ્પિટલમાં સારવાર અર્થે ઘાયલોને ખસેડવામાં આવ્યા હતા. સદ્‌ભાગ્યે કોઈ જાનહાની આ અકસ્માતમાં થવા પામી ન હતી.

# ગાંધીનગર કોંગ્રેસ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો, ધરણા અને સૂત્રોચ્ચાર

ગાંધીનગર, તા. ૧૯

નેશનલ હેરલ્ડ કેસના મામલે આજે શહેર અને જિલ્લા કોંગ્રેસના કાર્યકરોએ સે. ૬માં સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો અને ધરણાં યોજી સરકાર તેમજ ભાજપ વિરોધી ચૂત્રોચ્ચાર કર્યા હતા.

આજે યોજાયેલા આ દેખાવ અને ધરણાના કાર્યક્રમમાં માજી ગૃહ રાજ્યમંત્રી શ્રી નરેશ રાવલ, શ્રી બળદેવ લુણી, પૂર્વ ધારાસભ્ય રમીલાબેન દેસાઈ, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ, ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, શ્રી અમીત ચૌધરી, શ્રીમતિ કામિની બા રાઠોડ, જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહ, પૂર્વ પ્રમુખ શ્રી જશુભા રાણા, પૂર્વ શહેર પ્રમુખ શ્રી મુકેશ પટેલ, કોર્પોરેશન વિપક્ષના નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, મહિલા કોંગ્રેસના ભાનુમતિબેન રાઠોડ, પ્રેમબા હાડા, કાઉન્સીલરો શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી અશોક



શ્રીમાળી, પીન્કીબેન પટેલ, એન.એસ.યુ.આઈ.ના શ્રી બંકિમ બારોટ, જિલ્લાના અગ્રણીઓ શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી માનાજી મારવાડી, શ્રી રજનીભાઈ પટેલ, શ્રી અશ્વિનભાઈ બારોટ, શ્રી માનસંગજી ઠાકોર, શ્રી યાકુબભાઈ મન્સુરી સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

૨૦૦થી પણ વધુ કાર્યકર્તાઓ તેમજ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પણ આજના દેખાવ અને ધરણાના કાર્યક્રમમાં જોડાયા હતા. આ બધાએ ભાજપ વિરોધી અને સરકાર વિરોધી સૂત્રો પોકાર્યા હતા. ગાંધીનગર શહેરમાં આજે યોજાયેલા આ દેખાવો અને ધરણાના કાર્યક્રમમાં કોંગ્રેસી આગેવાનોએ એકતાના દર્શન કરાવ્યા હતા. જો કે પંચાયતના સભ્યોની બેઠક ચાલુ હોવાથી તેઓ થોડાક મોડા પડ્યા હતા પરંતુ તેઓ જોડાતાં વાતાવરણમાં ગરમી આવી ગઈ હતી. નિરીક્ષક તરીકે આવેલા શ્રીમતિ રમીલાબેન દેસાઈએ તો સૂત્રો પણ બોલાવ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના કલેક્ટર શ્રી રવિશંકર ડિસેમ્બર માસ હોવાથી રજા પર ગયા છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીને ચાર્જ અપાયો છે.

● જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં આજે પાંચ ધારાસભ્યોમાંથી એક પણ ધારાસભ્ય હાજર રહ્યા ન હતા.

● ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને મળી હતી.

● આજે કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોનું મન જાણવાની કામગીરી સરકીટહાઉસ ખાતે નિરીક્ષકોએ કરી હતી.

● સત્યાગ્રહ છાવણી નજીક કોંગ્રેસના કાર્યકરો ધરણા કરી રહ્યા હતા ત્યારે મધમાખીઓ ઉડતી ઉડતી આવી હતી અને પસાર પણ થઈ ગઈ હતી.

● કોંગ્રેસના કાર્યકરો પાસે જિલ્લાના નિરીક્ષક રમીલાબેન દેસાઈએ સૂત્રોચ્ચાર કરાવવાનું નેતૃત્વ લીધુ હતુ.

● નેતાઓની આગળ પાછળ અને આજુબાજુ બેસવામાં કોંગ્રેસના કાર્યકરોમાં ખાસ કરીને મહિલા કાર્યકરોમાં ચણભણ થઈ હતી.

● ગાંધીનગર શહેરે આજે ધરણા અને દેખાવોનો દિવસ ઉજવ્યો હતો. એક જ સ્થળે ત્રણ અલગ દેખાવો અને ધરણાનો કાર્યક્રમ યોજાયો હતો.



## આર્મી કેમ્પસ ખાતે એક્સ એક્સ સર્વિસમેન રેલી યોજાઇ

ચિલોડા માર્ગ પર આવેલા આર્મી કેમ્પસ ખાતે આજરોજ આમીમાંથી નિવૃત્ત થયેલા જવાનો માટે કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવા અને પેન્શન સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે એક્સ સર્વિસમેન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને જી.ઓ.સી શ્રી એસ.કે.ભનોતે ખુલ્લી મુકી હતી. આ રેલીને ખુલ્લી મુક્તાં જી.ઓ.સી એસ.કે.ભનોતે જણાવ્યું હતુ કે, સૈનિક જીવનભર સૈનિક જ રહે છે. સૈનિક સેવામાં હોય કે નિવૃત્ત હોય પણ દેશ પ્રત્યેની આપણી જવાબદારી મહત્વની છે. સમગ્ર દેશમાં કુદરતી આફત, યુદ્ધ કે અન્ય પરિસ્થિતિઓમાં આમીની સેવા પ્રસંશનીય રહી છે. આજે આમી માંથી નિવૃત્ત થયેલા જવાનો માટે પેન્શન સંબંધિત મૂઝવતા પ્રશ્નો અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવા માટે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલી થકી આજે નિવૃત્ત થયેલા અને ફરજ પરના જવાનો એકબીજા સાથે પોતાના યાદગાર પ્રસંગોને શેર કરી શકશે. આ પ્રસંગે એક્સ આમી મંડળના પ્રમુખ જે.પી.અંકલેશ્વરીયા સહિત અનેક નિવૃત આમીના બ્રિગેડર અને જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સેક્ટર-૧૩માં યુવાનની હત્યા કરનાર ત્રણ પિતરાઈ ભાઈઓની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૯

સેક્ટર-૧૩માં નજીવી બાબતે ૨૮ વર્ષિય યુવાનને રહેંશી નાંખી ફરાર થઈ ગયેલા ચાર પિતરાઈ ભાઈઓને પકડી પાડવા પોલીસે દોડધામ શરૂ કરી હતી. ત્યારે આજે ચાર પૈકી ત્રણ હત્યારા પોલીસના સકંજામાં આવી ગયા છે. પોલીસે ત્રણેયની ધરપકડ કરીને હત્યામાં

**માથાના ભાગે ધોકો મારનાર અને ગળે છરો ફેરવનાર બંને આરોપીઓએ હથિયાર ક્યાં સંતાડ્યું ? તેની શોધોખોળ ચાલુ**

વપરાયેલા હથિયારો શોધવા તથા કોની કોની મદદગારી છે તે સહિતની વિગતો બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧૩ના છાપરામાં રહેતા ૨૮ વર્ષિય કરતારસિંગ ચિકલીગરને ઘરેથી લઈ ગયા બાદ ચાર પિતરાઈ ભાઈઓએ બે રહેમીપૂર્વક તેની હત્યા કરી નાંખી હતી. બીજા દિવસે મૃતકના મોટાભાઈએ આરોપીઓના ઘર સળગાવી નાખ્યા હતા. જો કે આરોપીઓ અન્ડરગ્રાઉન્ડ થઈ ગયા હતા. દરમ્યાન આજે ચાર પૈકી ત્રણ હત્યારા પિતરાઈ ભાઈઓએ પોલીસે પકડી પાડ્યા છે. સતનામ ઉર્ફે સોનુ કરણસીંગ ડાંગી (ચિકલીગર), મનસીંગ કરણસીંગ ડાંગી અને મનમોહન ઉર્ફે મોન્ટુ કરણસીંગ ડાંગી ત્રણેયની સેક્ટર-૭ પોલીસે ધરપકડ કરી ઊંડી પોલીસને મળ્યો નથી. હથિયારો



પૂછપરછ શરૂ કરી છે. હત્યામાં વપરાયેલો ધોકો અને છરો હજુ સુધી તેમણે ક્યાં ફેંક્યા છે તે સહીતની પુછપરછ પોલીસે શરૂ કરી છે.

## આજે ડેમોક્રેટિક પીપલ્સ એસો.ના સ્નેહમિલન સમારોહ

ડેમોક્રેટિક પીપલ્સ એસો. ગુજરાત, ગાંધીનગરના ઉપક્રમે સંસ્થાના સભ્યશ્રીઓનો સ્નેહમિલન સમારંભ યોજવામાં આવેલ છે. જેમાં સંસ્થાના ૭૦ વર્ષ પૂર્ણ કરેલ વરિષ્ઠ આઠ સભ્યશ્રીઓનું સન્માન પણ કરવામાં આવનાર છે. તા. ૨૦-૧૨-૧૫ને રવિવારના રોજ બપોરના ૨.૩૦ વાગે, રામજી મંદિર, સરકારી પ્રાથમિક શાળાની સામે, સેક્ટર-૩-ડી ખાતે રાખવામાં આવેલ છે.

### સાણંદ જીઆઈડીસીમાં મહિલા ઉદ્યોગસાહસિકો માટે અલાયદો વિભાગ રખાશે

# વાયબ્રન્ટ ગુજરાત બિઝનેસ વિમેન નેશનલ કોન્ક્લેવનો મુખ્યમંત્રી આનંદીબેન અને અભિનેત્રી કાજોલ દ્વારા પ્રારંભ

અમદાવાદ, તા. ૧૯

''મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટે સાણંદ જીઆઈડીસીમાં મહિલાઓ માટે



ખાસ અલાયદી જગા ફાળવવામાં આવી છે. આ પગલાનો ઉદ્દેશ મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્‌ાહિત કરીને આર્થિક પ્રવૃત્તિમાં જોડવાનો છે. આ ઉપરાંત ગુજરાત સરકારે મહેસાણા, વાપી અને વલસાડ જેવાં સ્થળોએ મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન માટે નવી નિતી હેઠળ ચાર ભવનનુ નિર્માણ કર્યું છે. આ સંકુલમાં જમીન ખરીદનારને કે ભાડે રાખનારને ૫૦ ટકા સબસીડી આપવામાં આવશે. આ દ્વારા શરૂઆતના રોકાણની સમસ્યા દૂર કરીને મહિલાઓમાં ઉદ્યોગસાહસિકોની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો છે.'' ગુજરાતનાં મુખ્યપ્રધાન આનંદીબેન પટેલે વાયબ્રન્ટ ગુજરાત બિઝનેસ વિમેન નેશનલ કોન્ક્લવનું ઉદ્‌ઘાટન કરતાં આ મુજબ જણાવ્યું હતું. ત્રણ દિવસની આ સમીટનું આયોજન જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગ દ્વારા ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બરની લેડીઝ વીંગના સહયોગથી કરાયું છે.

હિંદી સિનેમાની લોકપ્રિય અભિનેત્રી શ્રીમતિ કાજોલ અજય દેવગન અને શ્રીમતિ લીલાબેન કરસનભાઈ, સમાજ શિલ્પી, કતાર વાડ વિલેજ આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. સમારંભમાં મહિલા સશક્તિકરણને બિરદાવતી 'રાઈઝીંગ સ્ટાર વિમેન આંત્રપ્રિનિયોર્સ ઓફ ગુજરાત' નામની કોફી ટેબલ બુકનું વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે જીસીસીઆઈના પ્રેસિડેન્ટ શ્રી રોહિત પટેલ, જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગના ચેરપર્સન શ્રીમતિ ગ્રીષ્મા ત્રિવેદી, જીસીસીઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી બિપીન પટેલ અને જીસીસીઆઈના બિઝનેસ વિમેન વીંગ પાસ્ટ ચેરમેન્સ સહિત ૧૫૦૦ થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકો અને મહેમાનો હાજર રહ્યા હતા.

## આજે સેક્ટર-૨૭ સ્વસ્તિક સોસાયટીનું સ્નેહમિલન યોજાશે

સ્વસ્તિક સોસાયટી, સેક્ટર-૨૭ ગાંધીનગરના વસાહતીઓનો સ્નેહમિલન કાર્યક્રમ તથા સોસાયટીના રહીશ ૭૫ વર્ષથી વધારે વયના વડીલોના સન્માનનો કાર્યક્રમ તા. ૨૦ ડિસમ્બરને રવિવારે સાંજના ૫.૦૦ વાગે સ્વસ્તિક સોસાયટી ખાતે યોજવામાં આવેલો છે. સોસાયટીના દરેક વસાહતી રહીશોને પધારવા પ્રમુખ કે.પી. પરમાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જિલ્લા પંચાયતમાં કારકુનોની બદલીઓ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કારકુન સંવર્ગની બદલીનો ઘાણવો કાઢવામાં આવ્યો હતો. પંચાયતની ચૂંટણીઓ પૂર્વે ૧૫ જુનિયર ક્લાર્કને સિનીયર ક્લાર્કમાં બઢતી આપ્યા બાદ તેમની ડિટેઈલ નિમણુંકના હૂકમો તેમજ ૨૧ જેટલા જુનિયર ક્લાર્કની બદલીના હૂકમો કરવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતમાં ૧૫ ને સિનીયર કારકુન સંવર્ગમાં નિમણુંક અપાતાં જુનિયર ક્લાર્કની ૪૫ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. જેની સીધી અસર પંચાયતના વહીવટીતંત્ર પર આગામી દિવસોમાં પડતી જોવા મળશે.

**૨૧ જુનિયર ક્લાર્ક બદલાયા ૧૫ સિનીયર કારકુનોનું ડિટેઈલ પોસ્ટીંગ કરાયું : પંચાયતમાં ૪૫ જુ.ક્લાર્કની જગ્યાઓ ખાલી પડતાં આગામી દિવસોમાં કામગીરી પર વિપરીત અસરની સંભાવના**

આજે પંચાયતની મહેકમ શાખા દ્વારા ૨૧ જુનિયર કારકુનોની બદલીના હૂકમો પણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત બે સિનીયર ક્લાર્કની પણ બદલી કરવામાં આવી છે.

સિનીયર ક્લાર્કમાં બઢતી પામેલાઓમાંથી પાંચને આરોગ્ય શાખામાં મુકવામાં આવ્યા છે જેમાં એચ.એ. પટેલ, રોહિત એન. ભટ્ટ, બી.બી. ત્રિવેદી, એચ.જે. પટેલ અને ડી.આઈ. સોલંકીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શિક્ષણ શાખામાંથી રાકેશ શાહને બદલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં મુકવામાં આવ્યા છે. જ્યારે આંકડા શાખાના એમ.સી. ચાવડાને બદલી શિક્ષણ શાખામાં મુકવામાં આવ્યા છે. બી.એમ. મકવાણાને ખેતીવાડી ખાતામાંજ ચાલુ રાખવામાં આવ્યા છે.

જુનિયર ક્લાર્ક સંવર્ગમાં બાંધકામ શાખામાંથી એસ.વી. કડસિયાને શિક્ષણ શાખામાં, વી.જી. પટેલને વિકાસમાંથી શિક્ષણમાં, એસ.આર. શાહને કલોલથી પંચાયત શાખામાં, ડી.કે. પટેલને પંચાયત શાખામાંથી ગાંધીનગર તા. પં.માં., શ્રીમતિ ડી.પી. પટેલને સમાજ કલ્યાણમાંથી શિક્ષણમાં, મિલન પટેલને દહેગામથી મહેસુલ-૨માં, પી.જે. વોરાને બાંધકામમાંથી આંકડા શાખામાં મુકવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં આજે સવારથી બદલીઓ થવાની છે તે વાતને લઈ ચર્ચાઓ ચાલી હતી અને મોડી સાંજે બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા હતા. બદલીના હૂકમોએ કર્મચારીઆલમમાં ભારે ઉત્તેજનાઓ જગાવી હતી.

## આજે સમદર્શન આશ્રમ ખાતે ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે આજરોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે. જેમાં જયંતિ રવિ (સચિવ અને કમિશનર ગ્રામ વિકાસ વિભાગ) ખાસ ઉપસ્થિત રહેશે. તેમજ ગીતા જયંતિ નિમિત્તે શ્રીમદ ભાગવત ગીતા પારાયણનું તા. ૨૧-૧૨-૧૫ને સોમવારના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન આયોજન સમદર્શન ખાતે કરવામાં આવ્યું છે.

# હાઈવે પર બેફામ જતી તુફાન ટ્રક પાછળ ઘુસી જતાં એકનું મોત

ગાંધીનગર, તા. ૧૯

નરોડા-ચિલોડા હાઈવે પર ગઈ મોડી રાત્રે ટ્રક જઈ રહી હતી ત્યારે બેફામ ગતિએ જતી તુફાન અચાનક લવારપુર ચોકડી પાસે ટ્રકની પાછળ ધડાકાભેર ઘુસી ગઈ હતી.

ગમખ્વાર અકસ્માતમાં નરોડાના રહેવાસી તુફાન ચાલક ૬૦ વર્ષિય વૃદ્ધ પ્રવિણસિંહ શિવુસિંહ વાઘેલાનું ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. તુફાનમાં અન્ય કોઈ મુસાફર બેઠુ ન હતુ. પરંતુ ટક્કર એટલી જબરદસ્ત હતી કે આગળના બંને ટાયરો પણ એક્સલથી છુટા પડીને બહાર આવી ગયા હતા. આ અકસ્માત અંગે ટ્રકચાલક દુર્ગાસિંગ બાલુસિંગ રાવતની ફરીયાદને આધારે ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ પી.જે. સોલંકીએ ઊંડી તપાસ શરૂ કરી છે.

# શહેરના જય હો ગ્રુપ દ્વારા ગરીબ બાળકોને સ્વેટરનું વિતરણ

**યુવાનોએ પોતાના પોકેટમનીમાંથી રૂપીયા બચાવી ગરીબ બાળકોને શિયાળામાં હૂંફ પુરી પાડી**

ગાંધીનગર, તા. ૧૯

અત્યારના ફાસ્ટ યુગમાં યુવાધન ખાઈ-પીને હરવામાં મસ્ત રહે છે. પોતે તો કમાતા હોતા નથી પરંતુ પપ્પાના રૂપિયાથી પિક્ચર જોઈ રૂપિયા અને સમયનો વ્યય કરે છે. ત્યારે શહેરના યુવાનો દ્વારા નવતર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરમાં શિયાળાની સિઝનમાં હાડ થીજાવતી ઠંડીમાં સ્વેટર વગર ફરતા ગરીબ બાળકોને સ્વેટરનું વિતરણ કરાયું હતું. આ યુવાઓએ પોતાની પોકેટમનીમાંથી રૂપિયા બચાવી ગરીબ બાળકોને હૂંફ પુરી પાડી છે. શહેરના વિવિધ સ્થળે રહેતા શ્રમીક પરિવારોના બાળકોને સ્વેટરની સાથે બિસ્કીટનું વિતરણ કર્યુ હતું. જય હો ગ્રુપના જયરાજસિંહ બિહોલા, યુવરાજસિંહ ગોહિલ તેમજ મિત્રો દ્વારા સ્વેટરનું વિતરણ કરી આજના યુવાવર્ગ માટે ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.



## કોબા ગામે પશુઓ માટે રસીકરણ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

કોબા ગામ ખાતે તાજેતરમાં જિલ્લા પંચાયત પશુપાલન સંચાલિત પશુ ચિકિત્સક દ્વારા પશુઓ માટેની રોગ પ્રતિકારકની રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.જેમાં કોબા પશુચિકિત્સક ડો. પ્રશાંત પંચલોટીયા તથા ટીમના સભ્યોએ હાજર રહી પોતાની ફરજ નીભાવી હતી. આ કેમ્પમાં નવા કોબા અને જુના કોબાના ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમજ ગ્રામજનોએ પશુપાલન શાખાની કામગીરી અંગે તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુજરાત દૈનિક અખબાર સંઘ દ્વારા આવતીકાલે સેમિનાર

ગુજરાત દૈનિક અખબાર સંઘ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૧મી ડિસેમ્બરને સોમવારના રોજ સાંજે ૪.૦૦થી ૬.૦૦ કલાક દરમિયાન સેક્ટ-૧૭, ટાઉનહોલ ખાતે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનારમાં ટ્રસ્ટના ઉપક્રમે વર્તમાનપત્રો ટીવીચેનલો અને જાહેર જનતા વચ્ચે 'સાંપ્રત સમસ્યાઓ' ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. ચર્ચા વિચારણા દ્વારા સમજણનો સેતુ રચાય તે માટે દર ત્રણ મહિને તજજ્ઞોની પેનલ વિવિધ વિષયોનું રસપ્રદ છણાવટ કરશે. આ હેતુથી સમગ્ર સેમીનારનું આયોજન કરાયું છે. અખબારભવન દ્વારા આ શ્રેણીના પ્રથમ સેમીનારમાં ઈન્ડિયા ૨૦૨૦ વિષય ઉપર અજય ઉમટ, ઈન્ટરનેટ અટકે ત્યારે ? વિષય ઉપર જય વસાવડા, અસહિષ્ણુતા અને આપણે વિષય ઉપર સંજય છેલ રસપ્રદ પ્રવચન આપશે. આ સેમીનારમાં હાજરી આપવા સમાચાર માધ્યમો સાથે સંકળાયેલ મિત્રો તેમજ જાગૃત નાગરિકોને ટ્રસ્ટના પ્રમુખ પ્રવીણભાઈ લહેરીએ જણાવ્યું છે.

## ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજની પરિચય પુસ્તિકામાં નામ નોંધાવવા અંગે

ગાંધીનગર શહેરમાં વસતા ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજની 'પ્રથમ પરિવાર પરિચય પુસ્તિકાનું વિમોચન તાજેતરમાં કરવામાં આવ્યું છે. પરિચય પુસ્તિકા જે પરિવારે પોતાની માહિતી મોકલી નથી અને પરિવાર ગ્રંથમાં પ્રકાશીત નથી તેમણે કાંતિલાલ ઈ. ગુર્જર પ્લોટ નં. ૧૦૮૧/૧-બી સેક્ટર-૬-સી ખાતેથી ફોર્મ મેળવી ભરીને દિન ૪માં મોકલી આપવા જેથી સુધારા યાદીમાં આપના પરિવારનો સમાવેશ થઈ શકશે.